# પાલનપુરમાં ટ્રાફિક જામનાં વરવા દ્રશ્યો સર્જાયા

## પ્રશાસનના અણઘડ આયોજનને પગલે લોકો ત્રાહિમામ



પાલનપુરમાં પ્રશાસનના અણઘડ આયોજનનો ભોગ વાહનચાલકો સહિત શહેરીજનો બન્યા હતા. બે રેલવે ઓવર બ્રિજ પૈકી એકનું સમારકામ શરૂ કરતા રેલવે ઓવર બ્રિજ બંધ કરાતા એક જ બ્રિજ પરથી અપ-ડાઉન વાહન વ્યવહાર શરૂ કરાતા કલાકો સુધી ટ્રાફિક જામ થતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા.

પાલનપુરમાં ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. ત્યારે શહેરના પ્રવેશદ્વાર સમા રેલવે ઓવર બ્રિજનું દિન દહાડે ભરચક ટ્રાફિક વચ્ચે આર. એન્ડ.બી. સ્ટેટ દ્વારા સમારકામ હાથ ધરાયુ હતું. જેને પગલે એક માર્ગી ઓવરબ્રિજ બંધ કરાતા અન્ય બ્રિજ પર આવન-જાવન શરૂ કરાતા ટ્રાફિકજામના વરવા દ્રશ્યો સર્જાયા હતા.

તંત્રના અણઘડ આયોજનને પગલે કલાકો સુધી ટ્રાફિક જામ થઇ ગયો હતો. જેને પગલે ટ્રાફિક પોલીસને પણ નાકે દમ આવી ગયો હતો. ભરચક ટ્રાફિક વચ્ચે કામ શરૂ કરવાના તંત્રના નિર્ણય સામે લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

# ધાનેરાની તુલસીનગર સોસાયટી પાસે શોર્ટ શર્કીટથી આગ ભભૂકી

### ધાનેરાની વીજ લાઈન અને ડિપી ઘાસમાં ગરકાવ : આગ ન લાગે તો થાય શું ?

### : વીજલાઈન અને ડીપી પરથી ઘાસ દૂર નહિ થાય તો મોટી હેનારતના એંધાણ

ધાનેરામાં આવેલી તુલસી નગર સોસાયટી પાસે હાઈવે રોડ ના મીટર માં અચાનક આગ લગતા લોકો ભયભીત બન્યા હતા અને લોકો એ મહા મહેનત કરી આગ પર કાબુ મેળવ્યો હતો પરંતુ કયાંક ને કયાંક જી ઈ બી તંત્ર ની બેદરકારી સામે આવી હતી શું હતી બેરદારકારી જોઈએ આ અહેવાલ માં ધાનેરા માં વારંવાર શોર્ટ શાર્કીટ બનાવો બનતા હોય છે અને તેમાં નિર્દેશ લોકો ને ભારે નુકશાન વેઠવાનો વારો આવતો હોય છે ત્યારે આજે



પણ ધાનેરા ની તુલસી નગર સોસાયટી પાસે આવેલા મીટર માં શોર્ટ શાર્કીટ થયું હતું અને આગ ભભૂકી ઉઠી હતી જેને લઈ લોકો ભયભીત બની ગયા હતા અને મહા મહેનત થી આગ પર કાબુ મેળવ્યો હતો. હવે અમે તમને એવા દર્શ્યો બતાવશું કે જ જોઈ તમે પણ કહેશો કે ધાનેરા માં શોર્ટટ શ્રકિત ન થાય તો બીજું થાય શું આ ડરશો પણ ધાનેરા ની તુલસી નગર સોસાયટી પાસે ના જ છે



જ્યાંથી આગ લાગી ત્યાંથી આ દર્શ્યો માત્ર ૫૦૦ મીટર દૂર છે સમગ્ર ડી પી ઘાસ માં ગરકાવ બની ગઈ છે અને જો આ ઘાસ ના કારણે મોટી આગ લાગે અને જાનહાનિ સર્જાય તો કોઈ નવાઈ ની વાત ન કહેવાય માટે ધાનેરા નું જી ઈ બી તંત્ર જાગે અને તાત્કાલિક કાર્યવાહી કરે તો મોટી હેનારત અટકાવી શકાય.

# પાલનપુરમાં યુવા ભાજપના સંમેલનમાં પાટીદારોનો હંગામો

## પાટીદારોએ સંમેલન સ્થળે જઈ જય સરદારના નારા લગાવ્યા : ૫ પાટીદારોની અટકાયત

વિધાનસભાની ચૂંટણી ક્ષિતિજે ડોકાઈ રહી છે. ત્યારે ભાજપે ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી દીધી છે. જેના ભાગરૂપે ભાજપ યુવા મોરચા દ્વારા રાજ્યભરમાં વિજય ટંકાર સંમેલન યોજાઈ રહ્યા છે. ત્યારે પાલનપુર ખાતે પણ ભાજપ યુવા મોરચાનું સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ચુસ્ત સુરક્ષા વચ્ચે પણ પાટીદારોએ હંગામો કરતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર વિધાનસભા ક્ષેત્રનું યુવા ભાજપનું વિજય ટંકાર સંમેલન યોજવામાં આવ્યું હતું. પાલનપુર ના આબુ હાઈવે પર ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અભિષેકસિંહના અધ્યક્ષસ્થાને યોજાનાર સંમેલનમાં ચુસ્ત પોલીસ બંદોબસ્તના ખોખલા દાવાનો પર્દાફાશ કરતા પાટીદાર યુવકો સંમેલન સ્થળે પહોંચી જઈ વિરોધ જતાવ્યો હતો. પાટીદાર યુવકોએ સભા સ્થળે જય સરદારના નારા લગાવ્યા હતા. જેના પગલે વાતાવરણમાં ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. પાટીદારોના વિરોધને પગલે પોલીસ દોડતી થઈ ગઈ હતી.

પોલીસે ૫ પાટીદાર યુવકોની અટકાયત કરી માંડ મામલો થાળે પાડ્યો હતો. જોકે, પાલનપુર શહેર યુવા ભાજપ પ્રમુખપદે પાટીદારની વરણી બાદ પણ પાટીદારોના વિરોધને પગલે ભાજપની ઊંઘ હરામ થઈ ગઈ હતી.





### શંકરસિંહ વાઘેલાની ત્રીજા મોર્ચા જન વિકલ્પની યાત્રા ધનસુરામાં

કોંગ્રેસને અલવિદા કહીને શંકરસિંહ વાઘેલાએ ત્રીજા મોરચા તરીકે જનવિકલ્પ પક્ષની રચના કરી છે. રાજકારણમા ગરમાવો આવી ગયો છે. ગુરૂવારે વાસણિયા મહાદવમાં દર્શન કરીને બાપુએ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતાં. આજે શંકરસિંહજી વાઘેલા યાત્રા લઈને ધનસુરા આવી પહોંચ્યા હતા એમણે આવતા એમના સમર્થકો અને કાર્યકર્તા ઓએ સ્વાગત કર્યુ હતુ ત્યાથી યાત્રા મોડાસા ગઈ હતી.

# ધનાવાડા ગામ પાસે બાઈક ઝાડ સાથે અથડાતા એકનું મોત

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતો દિનપ્રતિદિન વધી રહ્યા છે અને લોકો જીવ ગુમાવી રહ્યા છે ત્યારે આજે ધનાવાડા ગામ પાસે બાઈક ઝાડ સાથે અથડાતા એક વ્યક્તિ નું ઘટના સ્થળે મોટ નીપજ્યું છે.

જાણવા મળતી માહિતી અનુસાર ધાનેરા તાલુકા ના રામપુરા વોડા ગામે રહેતા રણજીતભાઈ મેઘજી ઠાકોર ઉ.વ ૨૮ જે ધનાવાડા ગામ પાસેથી બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા તે સમય બાઈક અચાનક ઝાડ સાથે અથડાતા બાઈક ચલાઉ ગંભીર રીતે ઘાયલ થતા લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને ફોન કરતા ધાનેરા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ એમ ટી ભગવાનભાઈ એસ દેસાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને અને ત્યાં જી જોયું તો યુવક મૃત હાલત માં પડ્યો હતો.

# ધનસુરામાં શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો

ધનસુરામાં શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમા પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ધનસુરા પ્રાથમિક શાળા નંબર-૧મા નોકરી કરતા પંકજભાઈ શામળભાઈ પટેલ અને તેમના પત્ની ઈન્દિરાબેન પંકજભાઈ પટેલનો વિદાય સમારંભ ધનસુરા આંજણા ચૌધરી સમાજવાડી ખાતે યોજાયો હતો. જેમા પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ અને મોટી સંખ્યામાં તાલુકાના શિક્ષકો ઉપસ્થિત રહયાં હતા.

# ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર જી. એલ. ચૌધરીની બુટલેગરો સામે લાલ આંખ

### બુટલેગરોમાં ફફડાટ : સાત દિવસમાં ૨૦ લાખથી વધુનો દારૂ ઝડપી કાયદેસરની કાર્યવાહી

ધાનેરા પોલીસ મથકમાં પી આઈ તરીકે ફરજ બજાવતા જી એલ ચૌધરી એ બુટલેગરો સામે લાલ આંખ કરી રાતદિવસ મહેનત કરી એક બાદ એક દારૂ ની ગાડી ઝડપી રહ્યા છે ત્યારે બુટલેગરોય માં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે અને લોકો ભારે ખુશી જોવા મળી રહી જો વાત કરવામાં આવે છેલ્લા સાત દિવસ ની તો સાત દિવસ માં ૨૦ લાખ કરતા વધુ નો દારૂ ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી એલ ચૌધરી જે ધાનેરા પોલીસ મથક માં પી આઈ તરીકે ફરજ બજાવે છે અને ધાનેરા એ ગુજરાત રાજેસ્થાન સરહદ પર આવેલો તાલુકો છે અને રાજેસ્થાનમાંથી અવનવી રીતે બુટલેગરો ધ્વરા ગુજરાત માં દારૂ ઘુસાડવાનું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે આ પી આઈ આવા બુટલેગરો સામે લાલ આંખ કરી છે અને રાત દિવસ મહેનત કરી ગુજરાત માં ઘુસાડવામાં આવતો દારૂ ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરી રહ્યા છે ત્યારે જો વાત કરવામાં આવે છેલ્લ્લા સાત દિવસ ની તો સાત દિવસ માં ૨૦ લાખ કરતા વધુ નો દારૂ ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે ગત રાત્રે પણ ધાનેરા તાલુકા નેનવા ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ માં હતા તે સમય દરમ્યાન રાજેસ્થાન તરફ થી એક ખાલી ટ્રેઈલર આવી રહ્યું હતું તેને રોકજેવી તેની તલાસી લેતા ટ્રેલર ના અંદર ના ભાગ ગુપ્ત ખાણું બનાવી દારૂ સંતાડેલો જોવા મળ્યો હતો પોલીસ ધ્વરા ટ્રેઈલર ચાલાક આયદાનસીંહ ની અટકાયત કરી હતી અને ગાડી માંથી દારૂ ની પેટી નંગ ૧૧૭ જેની કિંમત ૪ લાખ ૨૧ હજાર અને ગાડી ની કિંમત ૧૦ લાખ આમ કુલ મળી ૧૪ લાખ વધુ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ધાનેરા પી આઈ ધ્વરા બુટલેગરો સામે લાલ આંખ કરતા બુટલેગરો માં ભારે ફફડાટ જોવા મળી રહયો છે અન્યૂ લોકોમાં ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે અત્યારે પકડેલ દારૂ ગાડી અને આરોપી ને પકડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ આ દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

# પાલનપુર મુકામે ચૂંટણીના નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી પાલનપુર ખાતે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. ચૂંટણી નિષ્પક્ષ, નિર્ભય, તટસ્થ, અને શાંત માહોલમાં સારી રીતે યોજાય તે માટે કલેકટરે અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

વિધાનસભાની ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા દ્વારા જીલ્લા કક્ષાએ ચૂંટણીની વિવિધ કામગીરી માટે ૧૮ જેટલા નોડલ અધિકારીઓની નીમણુંક કરવામાં આવી છે. બેઠકમાં દરેક નોડલ અધિકારીઓની કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા અને સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં મેન પાવર મેનેજમેન્ટ, ઈવીએમ અને વીવીપીએટી મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ, નોડલ ઓફીસર ટ્રેઈનીંગ, નોડલ ઓફીસર મટીરીયલ મેનેજમેન્ટ, નોડલ ઓફીસર આચારસંહિતા, ખર્ચ નિયંત્રણ, કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર, ડમી બેલેટ અને પોસ્ટલ બેલેટ, મિડીયાલક્ષી કામગીરી, મોનીટરીંગ અને કોમ્યુનિકેશન પ્લાન વગેરે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# અરવલ્લીની ત્રણ વિધાનસભા બેઠક પરથી ટિકિટ મેળવવા માટે મુરતિયાની હોડ

### સેન્સ નો સસ્પેન્સ : મોડીરાત્રી સુધી સેન્સ ચાલશે : મોડાસા વિધાનસભા માટે સ્થાનિક ઉમેદવાર ને ટિકિટ આપવા માંગ

અરવલ્લી, તા. ૨૪

અરવલ્લી જિલ્લા વિધાનસભામાં સમાવિષ્ટ મોડાસા, બાયડ અને ભિલોડા ત્રણેય બેઠકો હાલ કોંગ્રેસના કબ્જામાં હોવાથી ત્રણેય બેઠકો પર ભાજપ મોવડીમંડળ દ્વારા વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં ઊંચકી લેવા માટે કટિબદ્ધ બની રવિવારે મોડાસામાં પ્રદેશ કક્ષાએથી યોગ્ય ઉમેદવારની પસંદગી માટે ૩ નિરીક્ષકોએ ચૂંટણીના મેદાનમાં ઉતરવા માંગતા મુરતિયાઓને બારીકાઈથી ચકાસી સાંભળ્યા હતા ત્યારે ત્રણેય બેઠકો પર મુરતિયાઓની હોડ જામતા સેન્સ પ્રક્રિયા મોડી રાત્રી સુધી ચાલવાની જિલ્લા ભાજપના અગ્રણીયો પાસેથી માહિતી મળી હતી. બીજી બાજુ ટિકિટવાંછુકો અંદરો અંદર આ સેન્સ પ્રક્રિયા સાથે સાથે ભાજપ આઈ.બી રિપોર્ટ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જે ઉમેદવાર પર પસંદગી ઉતારશે એજ કાર્યકરને ટિકિટ મળવાની ચર્ચા અંદરો અંદર કરાતાં જોવા મળ્યા હતા.

ભારતીય જનતા પક્ષ દ્વારા આગામી વિધાસનસભા ચૂંટણીના ઉમેદવારો નક્કી કરવાના ભાગરૂપે દરેક જિલ્લામાં નિરીક્ષકો મોકલીને સેન્સ પ્રક્રિયા હાથ ધરાવાના આજે ૨૪ મીના રોજ છેલ્લા દિવસે મીનાક્ષીબેન પટેલ અને નટુજી ઠાકોર ઉપસ્થિત રહીને કાર્યકરોને સાંભળ્યા

પ્રાપ્ત માહિતી મુંજબ દરેક બેઠક ઉપર ટીકીટ વાંચ્છુ



અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે ત્રણ વિધાનસભાક્ષેત્રો ભિલોડા, બાયડ અને મોડાસા માટે ઉમેદવારો અંગે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

જેમાં પ્રદેશમાંથી પૂર્વ યુવા મોરચા પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, અમદાવાદના પૂર્વ મેયર હતા અને જે તે બેઠકના ઉમેદવારો એ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

સવારના ૯ થી ૧૨ ભિલોડા વિધાનસભા, ૧થી ૪ બાયડ અને છેલ્લે ચાર પછી મોડાસા વિધાનસભા બેઠકના ઉમેદવારો માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. કાર્યકરોના ટોળેટોળાં રજુઆત સાંભળવાના સ્થળે ઉમટી પડ્યા હતા. અલબત્ત, નિરીક્ષકોએ એક પછી એક કાર્યકરોને પોતાની લાગણી વ્યક્ત કરવાની તક આપી હતી.

# મહેસાણા જિલ્લાની સાત બેઠકો માટે ભાજપમાં સામ સામી રજુઆતો

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ભાજપ તરફથી નિરીક્ષકોની હાજરીમાં જે તે જિલ્લાની વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારે આના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં સાત બેઠકો માટે ભાજપે નિયુક્ત કરેલ નિરીક્ષકોની હાજરીમાં જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે ઉમેદવારોની પસંદગી અંગેની કાર્યવાહી શરૂ થતાં સૌ પ્રથમ જિલ્લાની સાત પૈકી ચાર વિધાનસભા સીટો ઊંઝા, વિસનગર, વિજાપુર અને ખેરાલુ બેઠક માટે સેન્સ લેવામાં આવી હતી. જેમાં ઊંઝા વિધાનસભા બેઠક પર વર્તમાન ધારાસભ્ય કે તેમના પરિવારમાંથી કોઈને ટિકિટ ન આપવા માટે ભાજપના જ કહેવાતા કેટલાક હોદ્દેદારો, કાર્યકરોએ નિરીક્ષકો સમક્ષ લેખિત રજૂઆત કરતાં ભાજપનો આંતરિક વિખવાદ બહાર આવ્યો છે. ઊંઝા બેઠક પર વર્તમાન ધારાસભ્ય અને તેમના પુત્ર, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ પૂર્વ જી.પં. પ્રમુખ, પૂર્વ જી.પં. મહિલા પ્રમુખના પતિ તેમજ ઊંઝા પાલિકાના પૂર્વ પ્રમુખ સહિત લગભગ નવથી દસ જેટલા ઉમેદવારોએ પોતાની દાવેદારી કરતાં રાજકારણ ગરમાયું છે.

દરમિયાન જિલ્લાની વિસનગર બેઠક પર અગિયાર, વિજાપુર બેઠક પર ચૌદ અને ખેરાલુ બેઠક પર સાત ઉમેદવારોએ દાવેદારી કરી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાની કડી, બેચરાજી અને મહેસાણા બેઠક માટે આજે સેન્સ લેવામાં આવી રહી છે. પાટીદારોની બહુમતિ ધરાવતા ઊંઝા, વિસનગર, વિજાપુર બેઠકો પર મુખ્યત્વે પાટીદાર સમાજના વ્યક્તિઓએ દાવેદારી નોંધાવી છે. આગામી વિધાનસભાની ચૂંટણી લડવા માટે મહેસાણા જિલ્લામાંથી ટિકિટવાંચ્છુઓનો ધસારો રહેતાં ચૂંટણીમાં આંતરિક નારાજગી ઉભી થવાની શક્યતા જોવાય છે.

# આગામી ૯ મી ઓક્ટોબરે અરવલ્લી જિલ્લામાં ગુજરાત ગૌરવ યાત્રા

મોડાસા, તા. ૨૪

આરવલ્લી જિલ્લાના અગ્રણી કાર્યકર્તાઓની એક બેઠક આજરોજ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મળી હતી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે આગામી તા. ૯મી ઓક્ટોબરે જિલ્લામાં આવતી ગુજરાત ગૌરવ યાત્રાના આયોજન અંગે વિસ્તૃત માહિતી સાથે આયોજન અંગે કાર્યકર્તાઓને જવાબદારી સોંપવામાં આવી હતી.

આ બેઠકમાં બક્ષીપંચ મોરચાના જિલ્લા પ્રમુખ ભીખાજી ડામોર, વિપક્ષી નેતા અને યાત્રા ઈન્ચાર્જ રાજુભાઈ પટેલ, મેઘરજ માર્કેટયાર્ડના ચેરમેન હીરાજી ડામોર, બાયડ તાલુકા પ્રમુખ ભૂપતસિંહ, યુવા મોરચા પ્રમુખ પ્રશાંત પટેલ, જિલ્લા મહિલા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, જિલ્લા મંત્રી મીનાબેન પટેલ, મોડાસા નગરપાલિકા પક્ષના નેતા અને કોર્પોરેટર રૂપેશસિંહ ઝાલા, જિલ્લા મીડિયા અને જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, માલપુર પ્રમુખ મુકેશસિંહ, મેઘરજ તાલુકા યાત્રા ઈન્ચાર્જ રમેશભાઈ પટેલ, મોડાસા શહેર મહામંત્રી રણધીર ચૂડગર, કાર્યાલય મંત્રી દીપકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.